(30)

રાજય સરકારના કોઇપણ કાર્યક્રમ હેઠળની ગ્રાન્ટ, જીલ્લા આયોજન, મા.સંસદ સભ્યશ્રી/ મા.ધારાસભ્યશ્રી અગિયારમાં નાણાંપંચની વિગેરેની ગ્રાન્ટમાંથી આઇ.એસ.-૯૩૦૧: ૧૯૯૦ પ્રમાણે ડીપવેલ હેન્ડપંપ- **(ઇન્ડીયા માર્ક - ૨)** બેસાડવા બાબત....

ગુજરાત સરકાર,
નર્મદા જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગ
પરિપત્ર ક્રમાંક વીડબલ્યુએસ/૧૦૨૦૦૧/૩૯૪૧-એ/ખ-૪
સચિવાલય, ગાંધીનગર
તા. ૦૩-૧૦-૨૦૦૨

Office of the Chief Engineer (Mechanical) G. W. S. & S. B. Gandhinagar
Inward No. 2237
Date 6/10/02
CE (Mech.)
Ex. Engr.
Dy. Ex. Engr.

વંચાણે લીધા : (૧) આરોગ્ય અને પ. ક. વિભાગ, ગાંધીનગરના અંગ્રેજી પત્રાંક અછત/૧૦૯૧/૧૨૭૪/ખ-૧ તા. ૬-૧-૯૨

(૨) ગુજરાત પા. પુ. અને ગ. વ્ય. બોર્ડના પત્રાંક મુ.ઇ.(યાં)૨૦૦૧/નોન સ્ટાન્ડર્ડ તા. ૨૩-૦૧-૦૨

**પ્રસ્તાવના :-**

જીલ્લામાં મોટાભાગના હેન્ડપંપ કામ કરતા નથી તથા સતત રીપેરીંગ હેઠળ રહેતા હોવાની માન. ધારાસભ્યશ્રી તથા પદાધિકારીશ્રીઓ દ્વારા અવાર નવાર થતી રજુઆત અન્વયે ધ્યાન પર આવેલ છે કે, જીલ્લા કક્ષાએ આયોજન મંડળની ગ્રાન્ટમાંથી /માન. સંસદ સભ્યશ્રી/માન. ધારાસભ્યશ્રી, વગેરેની ગ્રાન્ટમાંથી જીલ્લા પંચાયત દ્વારા **ઇન્ડીયા માર્ક-૨** સિવાયના/ લોકલ બનાવટના નોન સ્ટાન્ડર્ડ હેન્ડપંપ બેસાડવામાં આવે છે. આવા નોન સ્ટાન્ડર્ડ હેન્ડપંપનું આયુષ્ય ઘણું ઓછું હોય છે. તદઉપરાંત તેના સ્પેરપાર્ટસ સહેલાઇથી ઉપલબ્ધ ન થવાથી હેન્ડપંપ સમયસર રીપેરીંગ થઇ શકતા નથી. પરિણામે હેન્ડપંપ કાર્યરત રહેતા નથી અને લોકોને પીવાના પાણીની મુશ્કેલી પડે છે.

Office of M.E. G.W.S. & S.B. In. No. 5632 Date 5/10

આ અંગે અગાઉ વંચાણે લીધેલ પત્ર (૧)થી સર્વે જીલ્લા અધિકારીશ્રીઓને ભારત સરકારના રાષ્ટ્રિય પેયજળ મિશન અને યુનિસેફની સુચના અનુસાર ઇન્ડીયા માર્ક-૨ કે માર્ક -૩ પ્રકારના હેન્ડપંપ જ બેસાડવા જણાવવામાં આવેલ પરંતુ તેનું ચુસ્તપણે પાલન થયેલ નથી.

MS CE(Mech)

**પરિપત્ર :-**

ઉક્ત બાબતે પુખ્ત વિચારણાના અંતે આથી સૂચના આપવામાં આવે છે કે, રાજય સરકારના કોઇપણ કાર્યક્રમ હેઠળ જેવા કે ગોકુલ ગ્રામ યોજના, જીલ્લા આયોજન મંડળ હેઠળની ગ્રાન્ટ, ટ્રાયબલ સબપ્લાન કાર્યક્રમ હેઠળના કામો જીલ્લા પંચાયત, તાલુકા પંચાયતના પાણી પુરવઠા કે સિંચાઇ હેઠળના કામો ૧૧માં નાણાં પંચ હેઠળની સહાય, માન. સંસદ સભ્યશ્રી /માન.ધારાસભ્યશ્રીની ગ્રાન્ટમાંથી જો કોઇપણ નવો હેન્ડપંપ બેસાડવામાં આવે તો તે માટે "૧૬૫ મી.મી.વ્યાસના ૯૦

(૩૮૮)

મીટર ઉંડા બોર કરી તે બોરમાં આઇ.એસ.-૯૩૦૧: ૧૯૯૦ પ્રમાણે ડીપવેલ હેન્ડપંપ- જે **ઇન્ડીયા માર્ક-૨** હેન્ડપંપ તરીકે પ્રચલિત છે તે જ બેસાડવા" અને તેની ખરીદી, સરકારશ્રીની નીતિ અનુસાર સ્પર્ધાત્મક ભાવો બહોળી પ્રસિદ્ધિથી મંગાવી, તુલનાત્મક ભાવપત્રક બનાવીને કરવી.

ગુજરાત રાજયના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

**(આર. બી. શેઠ)**
અધિક સચિવ અને મુખ્ય ઇજનેર
ન.જ.સં. અને પા. પુ. વિભાગ

**નકલ રવાના પ્રતિ :**

- માન. મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, બ્લોક ન. ૧/૫, સચિવાલય, ગાંધીનગર
- સર્વે માન. મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સર્વે માન. રા.ક. મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સર્વે અગ્ર સચિવશ્રીના રહસ્ય સચિવશ્રીઓ સચિવાલય ગાંધીનગર
- સર્વે સચિવશ્રીના રહસ્ય સચિવશ્રીઓ સચિવાલય ગાંધીનગર
- વિકાસ કમિશ્નરશ્રીના અંગત સચિવશ્રી,બ્લોક નં.૧૧, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- કમિશ્નરશ્રી (આદિજાતી)ના અંગત સચિવશ્રી, બ્લોક નં. ૪, પ્રથમ માળ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- અધ્યક્ષશ્રી, ગુજરાત આદિજાતી વિકાસ નિગમ બ્લોક નં. ૧૦, બીજો માળ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- અગ્ર મુખ્ય વનસંરક્ષકશ્રીના અંગત સચિવશ્રી, બ્લોક ન. ૧૪, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- સભ્ય સચિવશ્રી, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, સેકટર-૧૦-એ, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ / અમદાવાદ
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- મુખ્ય ઇજનેરશ્રી (યાંત્રિક) ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, સેકટર-૧૦-એ, ગાંધીનગર
- મુખ્ય ઇજનેરશ્રી ઝોન, ૧, ૨ ૩, અને ૪ વડોદરા, અમદાવાદ રાજકોટ અને કચ્છ.
- સર્વે જીલ્લા કલેકટરશ્રીઓ
- સર્વે જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
- સર્વે જીલ્લા આયોજન અધિકારીશ્રીઓ
- સીલેકટ ફાઇલ.